# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VALSAD CHINTAN SHIBIR

વલસાડમાં રાજ્ય સરકારની 12-મી ચિંતન શિબિરના બીજા દિવસે આજે ગુજરાતને વર્ષ 2030માં રાષ્ટ્રમંડળ રમતની યજમાની મળવાની ઐતિહાસિક સફળતાને હર્ષોલ્લાસભેર વધાવવામાં આવી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકોને સંબોધતા કહ્યું, ગુજરાતને આ તક મળી તે ગૌરવવંતી ક્ષણ છે. તેમણે રમતગમત વિભાગના સામૂહિક કાર્ય, પ્રેઝન્ટેશનની સફળતા થકી ગુજરાત અને અમદાવાદને યજમાનપદ મળ્યું હોવાનું પણ જણાવ્યું.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

# MANGALAM CANTEEN

રાજ્યમાં “વન ડિસ્ટ્રીક્ટ વન કૅન્ટીન” પ્રચાર અભિયાન હેઠળ એકસરખા બ્રાન્ડ નામ અને ડિઝાઈન સાથે 30 નવી “મંગલમ્ કૅન્ટીન” શરૂ કરાશે. તે પૈકી અત્યાર સુધીમાં 27 કૅન્ટીન કાર્યરત્ થઈ ગઈ છે. આ નવી કૅન્ટીન પોલીસ વિભાગ, માર્ગ અને ઈમારત કચેરીઓ, મહાનગરપાલિકાની કચેરીઓ તથા અન્ય સરકારી સંસ્થાઓમાં શરૂ કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

સખીમંડળની મહિલાઓ દ્વારા સંચાલિત સુવિધાયુક્ત માળખાની સાથેની 200થી વધુ મંગલમ્ કૅન્ટીન હાલ વિવિધ સરકારી કચેરીઓ,

શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલય, હૉસ્પિટલ જેવી મહત્વની જગ્યાઓ પર કાર્યરત્ છે. આ કૅન્ટીન થકી એક હજાર 700થી વધુ સખીમંડળની મહિલાને દર મહિને 10 હજારથી 50 હજાર રૂપિય સુધીની આવક મળી રહી છે.

# DIU AIRPORT MEETING

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલની અધ્યક્ષતામાં વિમાનમથક સલાહકાર સમિતિ – AACની બેઠક યોજાઈ. તેમાં વિમાનમથક પર સુવિધાઓ અને સેવાઓમાં સુધારાઓ કરવા ચર્ચા અને વિચાર-વિમર્શ પર ધ્યાન કેન્દ્રીત કરાયું.

સાથે જ અનેક વિષય અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ તેમ સાંસદ ઉમેશ પટેલે જણાવ્યું.

(BYTE: UMESH PATEL, MP)

# BHAVNAGAR DEMOLITION

ભાવનગરમાં ફૂલસર વિસ્તારમાં ગેરકાયદે દબાણ તોડી પડાયા. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, ફૂલસર નગર આયોજન યોજના બે-એ-ના 18 મીટર માર્ગ પર ગત 20થી વધુ વર્ષથી થયેલા ગેરકાયદે દબાણ મહાનગરપાલિકાએ દૂર કર્યા છે.

મહાપાલિકાએ બે મહિના પહેલા 150 જેટલા દબાણકર્તાઓને નૉટિસ આપી દબાણ દૂર કરવા સૂચના આપી હતી. તેમાંથી 50 ટકા જેટલા લોકોએ દબાણ હટાવી દીધું હતું. ત્યારે આજે બાકીની 80થી વધુ ગેરકાયદે દબાણ હટાવાયા છે.

## SOMNATH MELA FIRST DAY

ગીર સોમનાથમાં કાર્તિક પૂર્ણિમા મેળાના પહેલા દિવસે ગઈકાલે એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ આવ્યા. વર્ષ 1955થી શરૂ થયેલા આ મેળામાં સરસ મેળા દ્વારા હસ્ત અને લલિતકળાને પ્રોત્સાહન આપવા વિશેષ હાટડી બનાવવામાં આવી છે.

તેની મુલાકાત લેનારાં એક પ્રવાસીએ પોતાની પ્રતિક્રિયા આપી.

(BYTE: VISITOR)

## SYED MUSHTAQ ALI TROPHY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રૉફી ઍલિટ સ્પર્ધામાં આજે બરોડા અને પુડુચેરીની ટીમ વચ્ચે મૅચ રમાઈ રહી છે. હૈદરાબાદમાં રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય સ્ટૅડિયમ ખાતે રમાતી મૅચમાં બરોડાએ ટૉસ જીતીને બૉલિંગનો નિર્ણય કર્યો.

પુડુચેરીની ટીમે નિર્ધારિત 20 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 166 રન બનાવ્યા છે. ટીમ તરફથી સૌથી વધુ 72 રન સુકાની અમન ખાને કર્યા છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, બરોડાની ટીમે 15 ઑવરમાં 5 વિકેટ ગુમાવી 113 રન બનાવ્યા છે.

અન્ય એક મૅચમાં આજે ગુજરાત અને બૅન્ગાલની ટીમ વચ્ચે મુકાબલો થશે. હૈદરાબાદના આ જ સ્ટૅડિયમમાં સાંજે સાડા ચાર વાગ્યે મૅચ શરૂ થશે.

# SUDHA MURTHY KACHCHH

રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિએ આજે કચ્છનાં પ્રવાસ દરમિયાન મુંદરાની અદાણી પબ્લિક શાળાની મુલાકાત લીધી. દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને વ્યક્તિગત વાર્તાઓ જણાવી. સુશ્રી મૂર્તિએ વિદ્યાર્થીઓને માતાપિતા અને શિક્ષકોને આદર આપવાની સાથે તેમની સલાહનું પાલન કરવા પણ આગ્રહ કર્યો.

---